859-A
863

ક્રમાંક:– TNC-10-2016-07-C

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
૧૪/૧, સરદાર ભવન
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૬–૦૨–૨૦૧૭

પ્રતિ,

(૧) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ. વિભાગ

(૨) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મા.મ. વિભાગ

વિષય : **ઈજારદારના કારણોસર કામ પૂર્ણ થવામાં થયેલ વિલંબ દરમ્યાન સ્ટારરેટના ચુકવણા / વસુલાત બાબત.**

સંદર્ભ : (૧) પરીપત્ર ક્રમાંક : એસ.ટી.આર./૧૦૨૦૦૧/મં.૩૪/૨૯/હ, તા.૨/૨/૦૭

(૨) બી–૨ ફોર્મ કલોઝ નં.૫૯ એ.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, ટેન્ડર ફોર્મ બી–૨, કલોઝ નં.૫૯એની જોગવાઈમાં ઈજારદારને સીમેન્ટ, સ્ટીલ તથા ડામરના ભાવ તફાવત અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ડી.ટી.પી.જે માસમાં મંજુર થયેલ હોય તે સમયના સીમેન્ટ, સ્ટીલ તથા ડામર (રીફાઈનરી)ના તે સમયના ભાવો મુકવાની તથા ખરેખર કામ દરમ્યાન ઈજારદાર તે માલસામાન લાવે તે ધ્યાને લઈ ભાવ તફાવતની વધ/ઘટ મુજબ ભાવ તફાવત આપવાનો કે પરત લેવાની જોગવાઈ કરેલ છે.

આ બાબતે સ્પષ્ટતા કરવાની કે સદર કલોઝમાં વધુમાં " **CONDITION FOR VARIATION IN RATES OF ASPHALT ONLY** " હેઠળ સરકારશ્રીના અલગ અલગ પરીપત્રોના અમલ માટે જરૂરીયાત પ્રમાણે ક્રમ–૧થી ૧૧ ની શરતો મુકવામાં આવેલ છે. આ પરીપત્રો પૈકી પરીપત્ર ક્રમાંક : એસ.ટી.આર. – ૧૦૨૦૦૧ માં ૩૪–૨૯–હ, તા.૦૨/૦૨/૨૦૦૭ અન્વયે જણાવવાનુ કે, સદર પરીપત્રમાં ડામરના ભાવ તફાવત બાબતે વિગતવાર સ્પષ્ટતાઓ આપવામાં આવેલ છે. જેમાં મુળ સમય મર્યાદા, સરકારી કારણોને લીધે વધારેલી સમય મર્યાદા તથા ઈજારદારના કારણોના લીધે વધેલ સમય મર્યાદામાં ભાવ તફાવતનું ચુકવણુ / વસુલાત કરવાની પધ્ધતિ સ્પષ્ટ દર્શાવેલ છે. આ પૈકી કામ પૂર્ણ કરવામાં ઈજારદારના કારણોથી થયેલ વિલંબના કિસ્સામાં સમય મર્યાદા વધારવામાં આવે તે દરમ્યાનનો ભાવ તફાવત મળવાપાત્ર થશે નહીં. પરંતુ કરારની મુળ સમય મર્યાદામાં વાપરેલ જથ્થાનો ભાવ તફાવત મળવાપાત્ર થશે એમ જણાવેલ છે. આમ વધારાના સમયગાળા માટે ભાવ તફાવત ચુકવવાનો રહેતો નથી. પરંતુ ડામરની આઈટમોમાં જો વસુલાત કરવાની થતી હોય તો તે વસુલાત કરવાની થાય છે. પરંતુ કેટલાક વિભાગો દ્વારા આ પ્રકારની વસુલાત કરવામાં આવતી નથી, તેવુ ધ્યાને આવેલ છે. તો આ બાબતે

સ્પષ્ટતા કરતા જણાવવાનુ કે, ટેન્ડર કલોઝ નં.૫૯એની મુળ જોગવાઈ જે પ્રથમ ત્રણ પંકિતમાં જણાવેલ છે તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, "**.....SHALL BE ADJUSTED FOR INCREASE OR DECREASE IN THE RATES OF THESE MATERIALS AS UNDER**" આમ આ કલોઝની આ જોગવાઈ હેઠળ જ આગળની કાર્યવાહી તે પ્રમાણે કરવાની થાય છે.

આમ, ઉપરોકત બાબતે સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી તેમજ એકાઉન્ટન્ટશ્રીઓનું ધ્યાન દોરવુ જરૂરી છે અને આવા વસુલાતપાત્ર કિસ્સામાં વસુલાત કરવામાં આવે તે બાબતે ધ્યાન આપવા તાકીદ કરવામાં આવે છે. જો આમ કરવામાં ચુક થશે તો સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીયહિસાબનીશ / અધિકારીની સીધી જવાબદારી રહેશે.

સદર બાબતે સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓને સુચના આપવામાં આવે છે કે, તેઓના હસ્તકના વિભાગોમાંથી આ પ્રકારના કામો જુદા તારવી તેમાં વસુલાત કરવામાં આવી છે કે નહીં તે બાબતે યોગ્ય ચકાસણી કરી લેવી અને જો વસુલાત કરવામાં ના આવી હોય તો તે અંગે ત્વરિત જરૂરી વસુલાત કરવા જરૂરી સુચના સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીને આપવી.

(એન.જી.પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

નકલ રવાના પ્રતિ
- સર્વે મુ.ઈ.શ્રીઓ મા.મ.વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ મા.મ.વિભાગ સચિવાલય , ગાંધીનગર
- સર્વે તાંત્રિક શાખાઓ મા.મ.વિભાગ સચિવાલય , ગાંધીનગર
- સી–શાખા સીલેકટ ફાઈલ–૨૦૧૭